Divya Bhaskar (Supple.: City Bhaskar)
February 22, 2015
Page No. 2

EDI

# સપનાઓને છોડો નહીં પણ તેને વિઝ્યુલાઈઝ કરો



## EDI UPDATE

સિટી રિપોર્ટર • આંત્રપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટ્યુશન ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા એન્યુઅલ આંત્રપ્રિન્યોરશિપ સમિટ 'એમ્પ્રેસારિયો'નું આયોજન 20થી 22 ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું હતું. તેની થીમ 'વેલ્યુ સેન્ટર્ડ એન્ટરપ્રાઈઝીસ' રાખવામાં આવી હતી. આ પ્રસંગે અનુરાગ બત્રાએ માર્કેટિંગ- કોમ્યુનિકેશનનાં ટેકનિકલ અને ફાઈનાન્શિયલ સ્ટર્ટઅપ્સ વિશે વાત કરતી હતી. તેમણે વિદ્યાર્થીઓને તેમનાં સ્ટાર્ટ અપ્સ વિશે કહ્યું હતું કે તેમણે પોતાની જાતમાં વિશ્વાસ રાખવો જોઈએ અને જુદી રીતે વિચારવું જોઈએ. તેમણે ઈન્ડસ્ટ્રીમાં ટકી રહેવા માટે અન્યોથી શું જુદુ કરી શકે છે તે વિશે જણાવ્યું હતું કે જે તે પ્રોડક્ટ્સનાં માર્કેટનો સિનારિયો જાણીને તેમાં પોતે શું જુદુ કરી શકે છે તે જાણ્યાં બાદ પોતાનાં વેન્ચરમાં ઝંપલાવવું જોઈએ. તેમજ ક્યારેય નિષ્ફળતાનો ડર લાવવો ન જોઈએ. દરેક વિદ્યાર્થીઓએ પોતાનાં નાનપણનાં સપનાઓને છોડવા ન જોઈએ અને તેને હંમેશા વિઝ્યુઅલાઈઝ કરવાં જોઈએ.

આ ઉપરાંત સ્ટર્લિંગ હોસ્પિટલનાં સીઈઓ રાજીવ શર્માએ સોશિયો-ઈકોનોમિક એન્વાયરોન્મેન્ટ વિશે જણાવ્યું કે, ભારતમાં મોટાભાગની વસ્તી યુથ વસ્તીમાં ગણાય છે. હાલનો સમય ભારતનાં ઈકોસિસ્ટમ માટે તંદુરસ્ત હોઈ આંત્રપ્રિનીયોર્સ માટે અત્યંત સારો સમય ચાલી રહ્યો છે.